# રશિયન અવકાશયાત્રીઓની હાથમાં ત્રિરંગા સાથે ભારતને સ્વતંત્રતા દિવસની શુભેચ્છા

**રશિયન** અવકાશયાત્રીઓએ એક વીડિયો સંદેશમાં ભારતને અભિનંદન આપી મોસ્કો-નવી દિલ્હી વચ્ચેના સહયોગના લાંબા ઇતિહાસને યાદ કર્યો



નવી દિલ્હી, તા. 10 : ભારત તેના ૮૦મા સ્વતંત્રતા દિવસની ઉજવણીની તૈયારી કરી રહ્યું છે, ત્યારે ઇન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન પરથી રશિયન અવકાશયાત્રીઓએ હાથમાં ભારતીય ત્રિરંગો પકડીને અવકાશ સંશોધનમાં બંને દેશો વચ્ચેની દાયકાઓ જૂની મિત્રતા પર પ્રકાશ પાડીને ભારતના લોકોને એક વીડિયો સંદેશામાં અભિનંદન આપીને મોસ્કો અને નવી દિલ્હી વચ્ચેના સહયોગના લાંબા ઇતિહાસને યાદ કર્યો અને અવકાશ સંશોધનને સંબંધોના મુખ્ય સ્તંભોમાના એક તરીકે વર્ણવ્યા હતા.

અવકાશયાત્રી પ્યોત્ર ડુબ્રોવે ભારતીય લોકોને શાંતિ અને સમૃદ્ધિની શુભેચ્છાઓ પાઠવતા કહ્યું કે પ્રિય મિત્રો, આજે ભારત પ્રજાસત્તાક તેનો ૮૦મો સ્વતંત્રતા દિવસ ઉજવી રહ્યું છે.

તેમણે ભારતના સ્વતંત્રતા દિવસની ઉજવણી અને માનવ અવકાશ ઉડાનમાં એક સીમાચિહ્નરૂપ વર્ષગાંઠ વચ્ચેનો સંબંધ પણ દર્શાવ્યો. આ વર્ષે સોવિયેત અવકાશયાત્રી યુરી ગાગરીન અવકાશમાં મુસાફરી કરનાર પ્રથમ માનવ બન્યાના 65 વર્ષ પૂરા થયા છે.

અવકાશયાત્રી આન્ના કેન્યાયેવે સ્પેસ સ્ટેશન પર ભારતીય ધ્વજ ગર્વથી લહેરાવતા કહ્યું કે ભારત-રશિયા મિત્રતા અમર રહે. પોતાના સંદેશાના અંતે, રશિયન અવકાશયાત્રીઓએ ભારતને શાંતિ, સમૃદ્ધિ અને અવકાશ સંશોધનમાં સતત સફળતાની શુભેચ્છા પાઠવી.

## ડોલ્ફિન ટાયફૂનથી ચીનમાં દસ લાખથી વધુનું સ્થળાંતર, શાંઘાઈમાં રેકોર્ડ વરસાદ





શક્તિશાળી ટાયફૂન ડોલ્ફિન લેન્ડફોલ થયા પછી મુશળધાર વરસાદને કારણે પૂર અને ભૂસ્ખલન થવાની આશંકા વચ્ચે રવિવાર સાંજ સુધીમાં પૂર્વી ચીનમાં દસ લાખથી વધુ લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. ઝેજિયાંગ પ્રાંતના દરિયાકાંઠાના શહેર વેન્ઝોઉએ જણાવ્યું હતું કે તેણે 900,000 થી વધુ લોકોને સ્થળાંતરિત કર્યા છે જ્યારે શાંઘાઈમાં, રવિવાર સાંજ સુધીમાં જોખમી ગણાતા વિસ્તારોમાંથી 215,600 લોકોને ખસેડવામાં આવ્યા હતા. મધ્ય શાંઘાઈના એક હવામાન મથકે સોમવારે સવારે 7 વાગ્યા સુધીના 24 કલાકમાં લગભગ 313 મીમી વરસાદ નોંધાવ્યો હતો, જે 150 વર્ષથી વધુના રેકોર્ડમાં 24 કલાકમાં સૌથી વધુ વરસાદ હતો. સોમવારે સવારે 5 વાગ્યા સુધીમાં ડોલ્ફિન ઝડપથી નબળું પડીને ઉષ્ણકટિબંધીય તોફાનમાં ફેરવાઈ ગયું. પરંતુ જેમ જેમ વાવાઝોડું ઉત્તર તરફ અને દૂર અંદર તરફ આગળ વધતું રહ્યું, તેમ તેમ પૂર્વી અને મધ્ય ચીનના મોટા ભાગોમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી હતી.

# રાજસ્થાનના ખેડૂતે રૂ. 5 લાખ સુરક્ષિત રાખવા જમીનમાં દાટ્યા તો ઉધઇએ દાટ વાળ્યો

**પ્લોટ** વેચીને મળેલા પૈસા ચોરીથી બચવા જમીનમાં દાટ્યા પછી તે પૈસા ક્યાં દાટ્યા તે ભુલી ગયો

**ખેતરમાં** ઠેક ઠેકાણે ખોદવા છતાં પૈસા ન મળ્યા પણ વાવણી માટે ખેતર ખેડ્યું ત્યારે પૈસા ભરેલી પોલિથીન બેગ મળી





નવી દિલ્હી, તા. 10 : રાજસ્થાનના બાલોત્રા જિલ્લાના પચપદરા નજીકના નેવાઈ ગામના એક ખેડૂત માંગીલાલ મેઘવાલે પોતાની પાંચ લાખ રૂપિયાની બચતને ચોરીથી બચાવવા અને પરિવારથી છુપાવવા માટે ખેતરમાં દાટી દીધી હતી. જો કે તે પૈસા ક્યાં દાટ્યા તે ભુલી ગયો અને જ્યારે તેને તે મળ્યા ત્યારે ઉધઈએ નોટોનો નાશ કરી દીધો હતો.

માંગીલાલે એક વર્ષ પહેલા જમીનનો પ્લોટ વેચીને મળેલા રૂ. પાંચ લાખથી ઘર બનાવવાની યોજના બનાવી હતી. રોકડ ચોરી થઈ જાય કે બિનજરૂરી રીતે ખર્ચ થવાની ચિંતામાં, તેણે પૈસા પોલીથીન બેગમાં નાખ્યા, પોતાના ખેતરમાં ખાડો ખોદીને તેને દાટી દીધો.જોકે, દારૂ પીવાની અને ભૂલી જવાની તેની આદતને કારણે, તે પૈસા ક્યાં છુપાવ્યા હતા તે બરાબર ભૂલી ગયો અને ઘણાં પ્રયાસ પછી તે ન મળતા પરિવારજનોને જાણ કરી અને બધાએ પૈસા શોધવાના પ્રયાસમાં ખેતરના જુદા જુદા ભાગો ખોદ્યા પણ પૈસા ન મળ્યા, થોડા સમય પછી પરિવારે ચોમાસાની ઋતુમાં વાવણી માટે ખેતર તૈયાર કરવાનું શરૂ કર્યું. એક રાત્રે, પૈસાવાળી પોલીથીન બેગ જમીનમાંથી બહાર આવી, જો કે એક વર્ષ પહેલા દાડેલા એ પૈસાને ઉધઈએ કોરી ખાધા હતા.

# યુએસમાં ગર્લફ્રેન્ડની હત્યાના કેસમાં ભારતીય વિદ્યાર્થીની જર્મનીમાં ધરપકડ

**વરુણ** બેચિગારી તેની 19 વર્ષીય ગર્લફ્રેન્ડની હત્યા કરી ફરાર થઇ ગયો હતો

વોશિંગ્ટન, તા. 10 (પીટીઆઇ) યુએસમાં પોતાની ગર્લફ્રેન્ડની હત્યાના આરોપી 20 વર્ષીય ભારતીય વિદ્યાર્થીની તે પોતાના વતન ભારત જવા માટેની કનેક્ટિંગ ફ્લાઇટમાં બેસે તે પહેલાં જ જર્મનીમાં ધરપકડ કરવામાં આવી છે.

યુનિવર્સિટી ઓફ એરિઝોનામાં બિઝનેસ એનાલિટિક્સના વિદ્યાર્થી વરુણ બેચિગારીએ 6 ઓગસ્ટે ટક્સન સિટી સ્થિત તેના એપાર્ટમેન્ટમાં તેની 19 વર્ષીય ગર્લફ્રેન્ડ જુલિસા રૂબી સલાઝારની કથિત રીતે હત્યા કરી હતી.

ટક્સન પોલીસ ડિપાર્ટમેન્ટ (ટીપીડી)ના જણાવ્યા અનુસાર, બેચિગારી ટક્સન ઇન્ટરનેશનલ એરપોર્ટ પહોંચ્યો હતો, જ્યાંથી તે આગળ ભારત જવાની યોજના સાથે જર્મનીની ફ્લાઇટમાં સવાર થયો હતો. તપાસકર્તાઓએ બેચિગારી વિરુદ્ધ ફર્સ્ટ-ડિગ્રી મર્ડર અને અપહરણનો આક્ષેપ મૂકીને એરેસ્ટ વોરંટ મેળવ્યું હતું. ટક્સન પોલીસે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, "ટીપીડી, એફબીઆઈ ટક્સન ઓફિસ અને બર્લિનમાં એફબીઆઈ લીગલ એટેચી ઓફિસ વચ્ચેના તાલમેલને કારણે બેચિગારી જર્મની પહોંચતાં જ તેની અટકાયત કરવામાં આવી હતી, જેથી તેને આગળની મુસાફરી કરતા રોકી શકાયો હતો." તપાસકર્તાઓનો આક્ષેપ છે કે, બેચિગારીએ હત્યા કર્યા પછી સલાઝારનો સેલફોન અને ક્રેડિટ કાર્ડ ચોરી લીધા હતા અને ગુનાને છુપાવવાના સ્પષ્ટ પ્રયાસમાં પોતે સલાઝાર હોવાનું નાટક કરીને તેની માતાને શ્રેણીબદ્ધ ટેક્સ્ટ મેસેજ મોકલ્યા હતા.

# ટ્રમ્પે સ્ટાફ સેક્રેટરી વિલ શાર્ફની વ્હાઇટ હાઉસ કાઉન્સેલ તરીકે નિમણૂક કરી

**રાજીનામુ** આપી રહેલા શાર્ફ ડેવિડનું સ્થાન લેશે

**વિલ** શાર્ફ ટ્રમ્પ વતી અનેક કેસો લડી ચુક્યા છે

વોશિંગ્ટન, તા. ૧૦(એપી): પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે રવિવારે જાહેરાત કરી હતી કે તેમના નવા વ્હાઇટ હાઉસ કાઉન્સેલ (મુખ્ય કાનૂની સલાહકાર) વિલ શાર્ફ હશે. તેઓ વ્હાઇટ હાઉસના સ્ટાફ સેક્રેટરી છે, જેમણે ટ્રમ્પ દ્વારા 'નેશનલ કેપિટલ પ્લાનિંગ કમિશન' (NCPC)ના વડા તરીકે નિયુક્ત થયા બાદ ૪૦૦ મિલિયન ડોલરના બોલરૂમ પ્રોજેક્ટ માટે મંજૂરી મેળવવામાં મદદ કરી હતી.

ટ્રમ્પે જણાવ્યું હતું કે, ૧ સપ્ટેમ્બરથી શાર્ફ ડેવિડ વોરિંગ્ટનનું સ્થાન લેશે, જેઓ ખાનગી ક્ષેત્રમાં જોડાવા માટે વહીવટીતંત્ર છોડી રહ્યા છે. ટ્રમ્પે નોંધ્યું હતું કે શાર્ફે અગાઉ ફેડરલ પ્રોસિક્યુટર તરીકે સેવા આપી હતી અને સુપ્રીમ કોર્ટ સહિતના સંખ્યાબંધ કેસોમાં તેમનું પ્રતિનિધિત્વ કર્યું હતું. ટ્રમ્પે ટ્રુથ સોશિયલ પર લખ્યું, વિલ મજબૂત, કડક અને હોંશિયાર છે! વિલ શાર્ફ વ્હાઇટ હાઉસ કાઉન્સેલ તરીકે શાનદાર કામ કરશે! વ્હાઇટ હાઉસ કાઉન્સેલની ઓફિસમાં આ ફેરબદલ એક મહત્વપૂર્ણ વળાંક પર આવ્યો છે - મધ્યસત્ર ચૂંટણીના ગણતરીના મહિનાઓ પહેલા, જ્યાં ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટી સંસદ પર પોતાનું નિયંત્રણ જાળવી રાખવા માટે લડશે. ડેમોક્રેટ્સે પણ આક્ષેપ કર્યો છે કે જો તેઓ નવેમ્બરમાં સફળ થશે તો ટ્રમ્પ અને તેમના વહીવટીતંત્ર સામે તપાસ હાથ ધરશે.

વ્હાઇટ હાઉસ કાઉન્સેલનું કામ પ્રમુખપદને લગતા કાનૂની અને નીતિવિષયક પ્રશ્નો પર સલાહ આપવાનું છે. આ ઓફિસ ન્યાય વિભાગ (જસ્ટિસ ડિપાર્ટમેન્ટ) માટે વ્હાઇટ હાઉસનો પ્રાથમિક સંપર્ક છે, અને તે પ્રમુખની ક્ષમા અરજીઓ સંભાળે છે, ન્યાયિક નિમણૂકો પર કામ કરે છે અને કાયદાઓની સમીક્ષા કરે છે. આ ઓફિસ વહીવટીતંત્ર સામેની સંસદીય તપાસો અને પ્રમુખ જ્યારે તેમની સત્તાવાર ક્ષમતામાં કેસનો સામનો કરે ત્યારે તે મુકદ્દમાઓની તપાસ અને સંચાલન કરવામાં પણ મદદ કરે છે.

# ગુજરાતની મેડિકલ કોલેજમાં છેલ્લાં 4 વર્ષમાં ૨૩ રેગિંગની ફરિયાદ

**કુલ** રેગિંગની ફરિયાદ પૈકી ૨૬% થી વધુ ફરિયાદ માત્ર મેડિકલ કોલેજમાં

અમદાવાદ: છેલ્લા ચાર વર્ષમાં ૨૩ રેગિંગની ફરિયાદ ગુજરાતની મેડિકલ કોલેજમાં નોંધાઈ છે. ગુજરાતની કુલ રેગિંગની ફરિયાદ પૈકી ૨૬% થી વધુ ફરિયાદ માત્ર મેડિકલ કોલેજમાં મળી આવી છે. છેલ્લા ચાર વર્ષમાં સમગ્ર દેશમાં ૫૧૧૩ રેગિંગની ફરિયાદ નોંધાઈ છે. રેગિંગની સેંકડો ફરિયાદ હોવા છતાં વિધાર્થીઓનું રેગિંગ અટકાવવામાં શૈક્ષણિક સંસ્થાઓ નિષ્ફળ છે.

પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રદેશ પ્રવક્તા ડૉ. પાર્થિવરાજસિંહ કઠવાડિયાએ શોક વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે સુરત શહેરમાં રેગિંગના લીધે મેડિકલ કોલેજના વિધાર્થીની આત્મહત્યાની કરુણ ઘટના ખૂબ દુઃખદ છે. રાજ્યમાં વર્ષ ૨૦૧૨થી ૨૦૨૨ દરમિયાન યુજીસીની વેબસાઈટ મુજબ ૧૦૫ રેગિંગની ફરિયાદ થઈ હતી. જ્યારે વર્ષ ૨૦૨૨થી ૨૦૨૬ સુધીમાં ફરિયાદ દોઢ ગણી કરતા વધારે થઈ ગઈ છે. યુજીસીની વેબસાઈટ મુજબ છેલ્લા ૪ વર્ષમાં ૮૬ ફરિયાદ થઈ છે. પાટણની ધારપુર કોલેજના વિદ્યાર્થીનો રેગિંગના પાપે જીવ ગુમાવવો પડ્યો હતો. સ્ટેટ ઓફ રેગિંગ ઈન ઈન્ડિયા ૨૦૨૨-૨૦૨૪ રિપોર્ટમાં ચોંકાવનારો મૃત્યુ આંક સામે આવ્યો છે. રેગિંગ સંબંધિત કિસ્સાઓમાં દેશમાં ૫૧ વિદ્યાર્થીઓના મોત થયા છે, તે પૈકી ૨૩ મૃત્યુ મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓના હતા.

# ઈડરની શાળામાં મધ્યાહન ભોજન બાદ 37થી વધુ બાળકોને ફૂડ પોઈઝનિંગ

**અડદની** દાળ સહિતનું ભોજન લીધા બાદ બાળકોને ઊબકા, ઊલટી અને પેટમાં દુખાવો થતાં હોસ્પિ.માં દાખલ કરાયા

ગાંધીનગર: સાબરકાંઠાના ઈડરની હસનપુરા પ્રાથમિક શાળામાં મધ્યાહન ભોજન લીધા બાદ અનેક બાળકોની તબિયત અચાનક લથડતાં ચકચાર મચી ગઈ હતી. અડદની દાળ સહિતનું ભોજન લીધા બાદ એક પછી એક બાળકોને ઊબકા, ઉલટી અને પેટમાં દુખાવાની ફરિયાદ થતાં તાત્કાલિક તમામને ઈડર સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. પ્રાથમિક માહિતી મુજબ આશરે 37થી વધુ બાળકોને ફૂડ પોઈઝનિંગ જેવી અસર થઈ હોવાનું સામે આવ્યું છે.

ઈડરની હસનપુરા પ્રાથમિક શાળામાં મધ્યાહન ભોજન લીધા બાદ બાળકોને તકલીફ શરૂ થતાં શિક્ષકો અને શાળા તંત્ર દ્વારા તાત્કાલિક આરોગ્ય તંત્રને જાણ કરવામાં આવી હતી. ત્યારબાદ બાળકોને ઈડર સિવિલ હોસ્પિટલના ઈમરજન્સી વિભાગમાં લઈ જવાયા હતા. મોટી સંખ્યામાં બાળકો એકસાથે હોસ્પિટલ પહોંચતાં તબીબી તંત્ર પણ દોડતું થયું હતું. હોસ્પિટલના સુત્રોના જણાવ્યા પ્રમાણે બાળકોને ઊબકા, સામાન્ય ઉલટી અને પેટમાં દુખાવા જેવી તકલીફો જોવા મળી હતી. મેડિકલ ટીમે બાળકોને તાત્કાલિક ઓઆરએસનું પાણી સહિતની જરૂરી દવાઓ આપી સારવાર શરૂ કરી હતી.

બાળકોને હોસ્પિટલમાં દાખલ કરાયા બાદ આશરે બે કલાક સુધી તબીબી દેખરેખ હેઠળ રાખવામાં આવ્યા હતા. ત્યારબાદ કોઈપણ બાળકમાં ગંભીર તકલીફ જોવા મળી નહોતી. હાલ તમામ બાળકોની તબિયત સારી અને સ્થિતિ સ્થિર હોવાનું તબીબો દ્વારા જણાવાયું છે. ઘટનાની જાણ થતાં શિક્ષણ વિભાગ તથા આરોગ્ય વિભાગના અધિકારીઓ પણ તાત્કાલિક સક્રિય બન્યા હતા. શાળામાં પીરસવામાં આવેલા મધ્યાહન ભોજનની ગુણવત્તા અને બાળકોની તબિયત બગડવાનું ચોક્કસ કારણ જાણવા માટે તપાસ હાથ ધરવામાં આવી છે. ભોજનના નમૂના સહિતની વિગતો તપાસ હેઠળ લેવામાં આવી રહી છે.

## નાસીરનગર: 'જવાબદારો પાસેથી પુન:વસનનો ખર્ચ વસૂલો', હાઈકોર્ટની ટકોર

# મ્યુનિ.કમિ. અને ડીસીપી નકુમ તપાસ ચાલતી હોવા છતાં હોદ્દા પર કેમ?

**'તમારે** સુપ્રીમમાં જવું હોય તો જાવ'; હાઈકોર્ટે રાજ્ય સરકારના વલણ સામે નારાજગી વ્યક્ત કરી, દેશ લોકશાહી અને બંધારણ મુજબ ચાલે છે, સામંતશાહી મુજબ નહીં: હાઈકોર્ટ

અમદાવાદ: નાસીરનગર ડિમોલિશન કેસમાં ગુજરાત હાઈકોર્ટે સોમવારે રાજ્ય સરકાર અને સુરત મહાનગરપાલિકા સામે આકરું વલણ અપનાવી અસરગ્રસ્ત પરિવારોના પુનઃવસન માટે તેમની પાસેથી કોઈપણ પ્રકારની રકમ વસૂલવા સામે સવાલો ઉઠાવ્યા હતા. જસ્ટિસ નિખિલ એસ. કરિયેલે ટકોર કરી હતી કે, જો ડિમોલિશન પ્રક્રિયામાં કાયદાનો ભંગ થયો હોય તો તેનો ભોગ બનેલા લોકોને જ નવા મકાન માટે રૂપિયા ભરાવવાનું કારણ શું? ખોટું કરનારા અધિકારીઓ પાસેથી જ ખર્ચ વસૂલવો જોઈએ. આ સાથે જ કોર્ટે સવાલ કર્યો હતો કે નાસીરનગર ડિમોલિશન મામલે જેમની ભૂમિકા અંગે તપાસ ચાલી રહી છે તેવા સુરત મ્યુનિસિપલ કમિશનર અને પોલીસના ઉચ્ચ અધિકારી ડીસીપી રાજદીપસિંહ નકુમ હજુ પણ હોદ્દા પર કેમ છે ? સુનાવણી દરમિયાન રાજ્ય તરફથી રજૂઆત કરવામાં આવી હતી કે નાસીરનગરના અસરગ્રસ્તોને પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ઇડબલ્યુએસ મકાન માટે અરજી કરવા જણાવાયું છે. આશરે રૂ.૫.૫૦ લાખની કિંમતના મકાન માટે રૂ.૨૦ હજારનો ડિમાન્ડ ડ્રાફ્ટ ભરવાનો રહે છે અને આ રકમ એનજીઓ દ્વારા ચૂકવવા તૈયારી દર્શાવવામાં આવી છે. આ રજૂઆત સામે હાઈકોર્ટે સખત નારાજગી વ્યક્ત કરી હતી. કોર્ટે સવાલ કર્યો હતો કે, 'કઈ સત્તાથી કોર્પોરેશન અસરગ્રસ્તો પાસેથી પૈસા માગી રહ્યું છે?'

### 'ખોટું કરનારા અધિકારીઓને ખબર પડવી જોઈએ કે ભોગવવું પડશે'

જસ્ટીસ કરિયેલે સ્પષ્ટ કર્યું હતું કે જો રાજ્ય સરકાર ખર્ચ નહીં ભોગવે તો સુરત મહાનગરપાલિકાએ પુનઃવસનનો ખર્ચ ઉઠાવવો જોઈએ અને ત્યારબાદ જવાબદાર અધિકારીઓ પાસેથી તેની વસૂલાત કરી શકાય. 'આવું કરનારા અધિકારીઓને ખબર પડવી જોઈએ કે ખોટું કાર્ય કરતા ભોગવવું પડશે', તેવી ટકોર સાથે કોર્ટે જણાવ્યું હતું કે વહીવટી ભૂલનો આર્થિક બોજ નિર્દોષ અસરગ્રસ્તો પર નાખી શકાય નહીં. કોર્ટે વધુમાં કહ્યું હતું કે અસરગ્રસ્તો દબાણકર્તા હોય તો પણ કાયદાની પ્રક્રિયા અનુસર્યા વિના તેમના મકાન તોડી શકાય નહીં. નોટિસ અને કાયદેસરની પ્રક્રિયા વિના કોઇનું ઘર તોડી પાડવું સ્વીકારી શકાય નહીં. દેશ લોકશાહી અને બંધારણ મુજબ ચાલે છે, સામંતશાહી મુજબ નહીં, તેવી પણ કડક ટકોર કરવામાં આવી હતી.

### 'ડિમોલિશન યોગ્ય હતું તો અગાઉની કાર્યવાહી અને જવાબદારીના સવાલોનું શું?'

સુનાવણી દરમિયાન સરકારી પક્ષ તરફથી ડિમોલિશન યોગ્ય હોવાનું રજૂ કરવામાં આવતાં હાઈકોર્ટે આ દલીલ સામે પણ ભારે નારાજગી વ્યક્ત કરી હતી. કોર્ટે ટકોર કરી હતી કે જો રાજ્ય હવે એવું કહે છે કે ડિમોલિશન યોગ્ય હતું તો અગાઉની કાર્યવાહી અને જવાબદારી અંગેના સવાલોનું શું? 'તમારે સુપ્રીમમાં જવું હોય તો જાવ, તમે છટકબારી શોધો છો', તેમ કહી કોર્ટે રાજ્યના વલણ અંગે અસંતોષ વ્યક્ત કર્યો હતો. અદાલતે એ બાબત પણ નોંધી હતી કે અગાઉ સત્તાવાર રજૂઆતોમાં ડિમોલિશનને લઈને અલગ સ્થિતિ સામે આવી હતી અને હવે તેને યોગ્ય ઠેરવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. કોર્ટે કહ્યું હતું કે પાછળથી ડિમોલિશનને યોગ્ય ઠેરવવાના પ્રયાસથી મૂળ જવાબદારીમાંથી છટકી શકાય નહીં.

### 'તપાસ ચાલે છે તો ઉચ્ચ અધિકારીઓ હોદ્દા પર કેમ?'

નાસીરનગર ડિમોલિશન અંગે રાજ્ય સરકારે ૧૮ જુલાઈએ રચેલી તપાસ સમિતિમાં સુરત મહાનગરપાલિકા તંત્ર, પોલીસ અને ખાનગી પક્ષની ભૂમિકાની તપાસ કરવામાં આવી રહી છે. સમિતિએ બે મહિનામાં અહેવાલ આપવાનો છે. આ સ્થિતિમાં જેમની ભૂમિકા તપાસ હેઠળ છે તેવા ઉચ્ચ અધિકારીઓને હોદ્દા પર રાખવા અંગે હાઈકોર્ટે ગંભીર સવાલો ઉઠાવ્યા હતા. કોર્ટે કહ્યું હતું કે જો જુનિયર કર્મચારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા હોય તો સિનિયર અધિકારીઓ સામે કાર્યવાહી કેમ નહીં? ઉચ્ચ અધિકારીઓની દેખરેખ હેઠળ કામ કરતા જુનિયર અધિકારીઓના નિવેદનો લેવાના હોય ત્યારે તપાસ હેઠળના અધિકારીઓને એ જ હોદ્દા પર રાખવાથી તપાસની નિષ્પક્ષતા અંગે સવાલ ઊભો થઈ શકે છે. જોકે, કોર્ટે તેમને સસ્પેન્ડ કરવાનો સીધો આદેશ આપ્યો નથી, પરંતુ તપાસ પૂર્ણ થાય ત્યાં સુધી તેઓ હોદ્દા પર રહેવા જોઈએ કે નહીં તે અંગે સરકાર પાસે સ્પષ્ટ જવાબ માગ્યો છે.

### 'ડીસીપી નકુમની હાજરીથી ડિમોલિશન પૂર્વ આયોજિત હોવાનો સવાલ'

હાઈકોર્ટે ડિમોલિશનના દિવસે ભારે મશીનરી સાથે કામગીરી હાથ ધરવામાં આવી હોવા અને ડીસીપી રાજદીપસિંહ નકુમની સ્થળ પર હાજરી અંગે પણ નોંધ લીધી હતી. આ પરિસ્થિતિઓને જોતા ડિમોલિશન માત્ર ડિમાર્કેશન માટેની કામગીરી હતી કે અગાઉથી આયોજનબદ્ધ રીતે મકાનો તોડવાની કાર્યવાહી કરવામાં આવી હતી, તે અંગે પણ તપાસ જરૂરી હોવાનું અદાલતના અવલોકનોમાં સામે આવ્યું હતું.

## સુડોકુ ૬૫૯૯ - 'કૃતિ'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૨ | | ૩ | | ૬ | ૧ | | ૭ |
| | | | | ૭ | ૨ | ૬ | ૫ | |
| | | | | ૧ | ૫ | | ૪ | |
| | ૬ | ૨ | ૧ | | | ૫ | ૩ | ૪ |
| | ૫ | ૩ | ૬ | | ૪ | | | ૯ |
| | | ૭ | | ૫ | ૩ | | | ૧ |
| | | | | | ૮ | ૪ | | ૬ |
| | ૮ | | | | ૯ | ૩ | | |
| | ૭ | | ૪ | ૬ | | ૯ | ૮ | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

સુડોકુ ઉકેલ-૬૫૯૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૨ | ૮ | ૩ | ૪ | ૬ | ૧ | ૯ | ૭ |
| ૪ | ૧ | ૯ | ૮ | ૭ | ૨ | ૬ | ૫ | ૩ |
| ૭ | ૩ | ૬ | ૯ | ૧ | ૫ | ૨ | ૪ | ૮ |
| ૮ | ૬ | ૨ | ૧ | ૯ | ૭ | ૫ | ૩ | ૪ |
| ૧ | ૫ | ૩ | ૬ | ૮ | ૪ | ૭ | ૨ | ૯ |
| ૯ | ૪ | ૭ | ૨ | ૫ | ૩ | ૮ | ૬ | ૧ |
| ૨ | ૯ | ૧ | ૫ | ૩ | ૮ | ૪ | ૭ | ૬ |
| ૬ | ૮ | ૪ | ૭ | ૨ | ૯ | ૩ | ૧ | ૫ |
| ૩ | ૭ | ૫ | ૪ | ૬ | ૧ | ૯ | ૮ | ૨ |

## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### દરાજ

દરાજ ફૂગને કારણે થાતો ચામડીનો ચેપી રોગ છે. દર્દીનાં કપડાં છૂટા રાખો. ગોળ સિક્કા જેવા ચકામા ચામડી પર ઊઠે છે. ખૂબ ખંજવાળ આવે છે. કઠ (ઉપલેટ), વાવડીંગ, કુંવાડીઆનાં બીજ, સિંધવ અને સરસવ લીંબુના રસમાં ખરલ કરી રોજ ત્રણ વાર લગાડવું.

## ચૈતર વસાવાની જામીન અરજી પર હાઈકોર્ટમાં 24 ઓગસ્ટે વધુ સુનાવણી

અમદાવાદ: ડેડિયાપાડામાં વનકર્મી પર હુમલા અને ખંડણીના મામલે ધારાસભ્ય ચૈતર વસાવાની જામીન અરજી પર ગુજરાત હાઈકોર્ટમાં સુનાવણી હાથ ધરાઈ હતી. બંને પક્ષોની દલીલો પૂર્ણ થયા બાદ હાઈકોર્ટે જામીન અરજીની વધુ સુનાવણી 24 ઓગસ્ટ પર રાખી છે. ચૈતર વસાવાની જામીન અરજી પર ગુજરાત હાઈકોર્ટમાં હાથ ધરાયેલી સુનાવણીમાં રાજ્ય સરકાર તરફથી રજૂઆત કરતા જણાવ્યું હતું કે, ચૈતર વસાવા સામે કુલ 22 ફરિયાદો નોંધાઈ છે. જેમાંથી કેટલીક ફરિયાદમાં સમાધાન થયું હોવાનું અને કેટલીક ફરિયાદ રદ કરવામાં આવી હતી. જોકે, હજુ પણ ચૈતર વસાવા સામે 12 ફરિયાદો પેન્ડિંગ છે. સરકાર તરફથી વધુમાં રજૂઆત કરવામાં આવી હતી કે અગાઉના ગુનાઓમાં શરતોને આધારે ચૈતર વસાવાને જામીન સંબંધિત રાહત આપવામાં આવી હતી. ક્રિમિનલ એક્ટિવિટી નહીં થાય તેવી ખાતરીના આધારે બોન્ડ આપવામાં આવ્યા હતા. વનકર્મી પર હુમલા અને ખંડણીના આક્ષેપોને લઈને નોંધાયેલા આ કેસમાં બંને પક્ષની દલીલો પૂર્ણ થઈ ગઈ છે.

## આજનું પંચાંગ

**તા. 11/08/2026, મંગળવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** અષાઢ
**તિથિ:** વદ : વદ ચૌદસ: 25:54, શિવરાત્રી
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** વર્ષા
**રાષ્ટ્રિય દિનાંક :** શ્રાવણ: 20
**યોગ :** સિદ્ધિ **કરણ:** વિષ્ટિ
**નક્ષત્ર :** પુનર્વસુ : 10:10 પછી પુષ્ય
**રાશિ:** કર્ક (ડ.હ.)
**દિવસ :** અશુભ
**સુરતમાં સૂર્યોદય :** 06:17 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:10
**નવકારસી :** 07:05
**પારસી વર્ષ :** 1395 ગાથા-2- અસ્તુઆદ
**મુસલમાન વર્ષ :** 1448 સફર માસનો 27મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ
**રાત્રિનાં ચોઘડિયાં:** કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, રોગ, કાળ
**રાહુકાળ:** બપોરે : 15:00 થી 16:30 સુધી

## આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ,):** વેપાર અને નોકરીમાં અનુકૂળતા વધશે. નવા રોકાણ થાય. પ્રોપર્ટીને લગતાં કામ સરળ બને.

**વૃષભ (બ,વ,ઉ,):** પરીક્ષા, ઈન્ટરવ્યુમાં સફળતા મળે. નવા વાતાવરણમાં કામ કરવાનું બને. આત્મવિશ્વાસ વધશે.

**મિથુન (ક,છ,ઘ,):** મનપસંદ ભોજનનો આનંદ મળે. રચનાત્મક કાર્ય સફળ બને. પારિવારિક સમસ્યા સતાવે.

**કર્ક (ડ,હ,):** સતત વ્યસ્ત રહેવાનું બને ક્રિએટીવ અને રચનાત્મક કાર્યનો યશ મળે. નોકરીમાં પ્રભાવ વધે.

**સિંહ (મ,ટ,):** જીવન સાથી સાથે સામાજિક કામ થાય. કાર્યબોજ અને ખર્ચા વધશે. મન પર ભાર રહે.

**કન્યા (પ,ઠ,ણ,):** કાર્ય સિદ્ધિથી ઉત્સાહ વધે. મિત્રોની મદદ મળે. અભ્યાસમાં પ્રગતિ થાય. નવા રોકાણ થાય.

**તુલા (ર,ત,):** નવા વેપાર ધંધાની શરૂઆત થાય. નવા સોદા પાર પડે. નોકરીમાં પ્રભાવ વધે.

**વૃશ્ચિક (ન,ય,):** ઉચ્ચ કક્ષાના લોકોનો સાથ મળે. તમારી બૌદ્ધિક ક્ષમતાની કસોટી થાય. નવી તક મળે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** કોઇ પર વધુ પડતો વિશ્વાસ મૂકવો ભારે પડી શકે છે. ચોર-લુટારુથી સાવધાન આરોગ્યનું ધ્યાન.

**મકર (ખ,જ,):** ઘરના કામ માટે દોડધામ અને બહારનાં આંટા ફેરા વધશે. ઘરમાં અવરજવરથી અશાંતિ રહે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** સહકર્મીઓ સાથે વિવાદ ટાળવો. હિત-શત્રુઓથી સાવધાન રહેવું. નોકરીમાં જવાબદારી વધે.

**મીન (દ,ચ,ઝ,થ,):** ધર્મ-કર્મ થાય. કાયદા બાબતે મદદ મળે. નવાં રોકાણ થાય. મિત્રો સાથે મનોરંજન થાય.

### કોઈ પણ સાલમાં 11 ઓગસ્ટે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ પ્રગતિજનક રહેશે. નવા લોકો સાથે કામ કરવાથી નવું શીખવા મળે. ટેક્નોલોજીથી લાભ થાય. નોકરીધંધામાં જવાબદાર, નવા ફેરફાર અને હરીફો વગેરેના સામનો કરવાનું બને. સમાજ અને પરિવારની અપેક્ષા વધે. સંતાનોના અભ્યાસ કેરીયરમાં પ્રગતિથી શાંતિ મળે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં મદદ મળે. સમાજમાં માન વધે. ઉપરી વર્ગ સાથે તાલમેળથી અનુકૂળતાનો અનુભવ થાય. ઉંમરલાયકને યોગ્ય પાત્ર મળે. ઉઘરાણી આવવાથી નવા રોકાણ સરળ બને. આરોગ્ય સામાન્ય રહે. નવા ઘર, વાહન, મકાનની યોજના પાર પડે. વિદેશનાં કામમાં ગતિ આવે. વિદ્યાર્થીઓની મહેનત રંગ લાવશે. વારસ, જાયદાદ, જમીન જેવા કામમાં મદદ મળે. વડીલો-મિત્રોની મદદ પ્રેમ વિવાહમાં મળે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મ થાય. જૂન-જુલાઈ, ગુરુ સોમવાર, 02, 11,20, 29 તારીખે નવા કામ કરવા સફેદ ક્રિમ રંગનો ઉપયોગ વધારવો જાન્યુઆરી-ફેબ્રુઆરી, મંગળ-બુધવાર 05,08 તારીખે નવા કામ ટાળવાં. લીલા-કાળા રંગનો ઉપયોગ ટાળવો.